


જન્મશતાબ્દી પુસ્તકમાળા - ૧૫
દેવાત્મા હિમાલય અને ઋષિ પરંપરા
(પ્રવચન)
- પં. શ્રીરામશર્મા આચાર્ય

**ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :**

**ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥**

દેવીઓ, ભાઈઓ !

યોગ્ય જગ્યા પર યોગ્ય વસ્તુ પેદા થાય છે. જો તમે તમારે ત્યાં નાગપુરના સંતરાં ઉગાડવા ઇચ્છો તો મીઠા થશે નહિ. મુંબઈના કેળાં, જે ત્યાંની જમીનમાં પેદા થાય છે તે બીજી જગ્યાએ થઈ શકતા નથી. લખનૌની કેરી સમગ્ર દુનિયામાં પ્રખ્યાત છે. જો તે જ કેરી તમે તમારા ગામમાં વાવો તો તેના જેટલી મીઠી નહિ થાય. નીલગિરિનું ચંદન કેટલું સુંગધીદાર હોય છે! જો તે જ ચંદનનું વૃક્ષ તમે લઈ આવો અને તમારા ગામના બગીચામાં વાવી દો, તો એટલું સુંગધીદાર થાય નહિ. દેવ ગણો હિમાલયમાં રહે છે. ત્યાં લાંબા શકકરિયા જેવાં કંદ થાય છે. તે કેટલાય દિવસો સુધી ખાવાના કામમાં આવે છે. તે જ કંદના બીજ તમે તમારે ત્યાં વાવી દો તો તેના જેટલી મીઠાશ પેદા થશે નહિ. બ્રહ્મ કમળ, જેના માટે દ્રૌપદીએ ભીમને આગ્રહ કર્યો હતો કે તમે મને બ્રહ્મ કમળ લાવી આપો" તે ક્યાં પેદા થાય છે ? ઉત્તરાખંડમાં જયાં ગોમુખ છે, તેનાથી આગળ તપોવનની નજીક તે પેદા થાય છે. બ્રહ્મ કમળનું ફૂલ જમીનમાં ખીલે છે, પાણીમાં નહિ. તે બ્રહ્મકમળનાં બીજ જો તમે તમારા ઘરમાં વાવવા ઇચ્છો, તો તે થઈ શકે છે ? ના, ત્યાં થઈ શકે નહિ. જગ્યાનું પોતાનું મહત્વ હોય છે.

હિમાલયનું પોતાનું મહત્વ છે. બધા ઋષિઓએ ત્યાં નિવાસ કર્યો હતો. પહેલાં સ્વર્ગ પણ ત્યાં હતું. ઋષિઓની ભૂમિ પણ તે જ છે. ઘણી સામર્થ્યવાન, ઘણી સંસ્કારવાન ભૂમિ છે. મને પણ તપ કરવા માટે ત્યાં બોલાવવામાં આવ્યો હતો. અત્યારે હું અહીં સપ્તઋષિઓની ભૂમિ શાંતિ કુંજમાં છું. દેવતામાં હિમાલયનું પોતાનું મહત્વ છે. ગંગાનું પોતાનું મહત્વ છે. ગંગાએ પોતાનામાં આધ્યાત્મિક શકિત ઓ એકઠી કરેલી છે. તે શકિત ઓ ફક્ત તેના પાણીમાં જ નથી, પરંતુ તે જયાં થઈને વહે છે ત્યાંના વાતાવરણમાં પણ કેટલીક વિશેષતા છે. સપ્તઋષિઓની ભૂમિ, જયાં સાંત ઋષિઓએ તપશ્ચર્યા કરી હતી તે ઋષિઓ આજે પણ ઉપર આકાશમાં જોવા મળે છે. તેમની જે ભૂમિ છે તે સપ્ત ઋષિ પણ અહીં જ છે, જયાં આપણો આ શાંતિ કુંજ આશ્રમ બન્યો છે. ગંગાના કિનારા પર એવા ઘણા સ્થાનો છે, જયાં સિંહ અને ગાય કદીક એક ઘાટ પર પાણી પીતા હતા. આવા પ્રાણવાન સ્થાનો પણ હોય છે અને સિદ્ધ પુરુષો પણ હોય છે. હું અહીં એવા સ્થાન પર જ આવ્યો છું. અહીં આવીને મેં તમારી ભાવનાઓને દિવ્યતાનું સ્મરણ કરાવવા માટે દેવતામાં હિમાલયનું એક મંદિર બનાવ્યું છે. હિમાલયનું મંદિર બીજે ક્યાંય તમને જોવા મળે નહિ. લોકોએ દેવતાઓના મંદિરો બનાવ્યાં છે, પરંતુ હિમાલયનું મંદિર તમને ફક્ત અહીં જોવા મળશે. આ સપ્તઋષિઓની ભૂમિ છે. તમે શું બતાવશો કે સપ્તઋષિઓની ભૂમિ બીજે ક્યાંય છે ? ક્યાંય નથી, ફક્ત અહીં જ છે, જયાં આજે શાંતિ કુંજ બનેલું છે. પહેલાં ગંગા અહીં થઈને

વહેતી હતી. અહીંની જમીન પુરાઈ ગઈ છે, એટલા માટે શાંતિ કુંજની જમીનમાં જે પાણી હજારો વર્ષોથી વહેતું હતું તે બંધ થયું નથી. તે ધારા હજુ પણ વહી રહી છે. તેના માટે સામેની બાજુ રસ્તા બનાવાયા છે.

હિમાલય મંદિર શું છે ? આ પ્રતીક કેમ બનાવ્યું છે. પ્રતીકોનું પોતાનું આગવું મહત્વ છે. એકલવ્યે દ્રોણાચાર્યનું પ્રતીક બનાવ્યું હતું. રામચંદ્રજીએ શંકરજીનું પ્રતીક બનાવ્યું હતું. જ્યારે તેઓ વનવાસ ગયા હતા અને સીતાનું હરણ થવાથી દુઃખી મને વનમાં ભટકી રહ્યા હતા તે સમયે તેમને જ્યારે પ્રતીકની જરૂર પડી ત્યારે તેમણે રામેશ્વરમાં શંકરજીના મંદિરની સ્થાપના કરી હતી. આ બધાં પ્રતીકો છે, જેમ ત્રિરંગો ધ્વજ આપણું રાષ્ટ્રીય પ્રતીક છે. કોમ્યુનિસ્ટોનો પણ ધ્વજ હોય છે. લોકો કહે છે કે તેઓ પ્રતીકોને માનતા નથી. કેમ નથી માનતા ? ચાલો, આપણે તેમના ધ્વજને ઉખાડીને ફેંકી દઈએ, પછી જુઓ શું થાય છે ? મુસલમાનોપણ શું પ્રતીકોને નથી માનતા ? મક્કા - મદીનામાં પ્રતીક તો રાખવામાં આવ્યું છે, જેને તેઓ ચુંબન કરે છે. દેવતામાં હિમાલયનું મંદિર ક્યાંય ન હતું. ભારત વર્ષમાં તેની ખોટ હતી. તે ખોટ મેં દૂર કરી છે. જેથી સાધનાની દૃષ્ટિથી કોઈ વ્યકિત આવવા ઇચ્છે, તો આ સ્થાન પર આવીને તે મહત્વપૂર્ણ લાભ મેળવી એટલા માટે એ બનાવ્યું છે. યોગ્ય જગ્યા પર યોગ્ય કામ થાય છે. હિમાલયમાં ઘણા ઋષિઓ રહે છે અને જે પણ ઋષિઓ આવ્યા છે તે બધા હિમાલયથી આવ્યા છે. તે ઋષિઓની યાદ

અપાવવા માટે મેં આ કોશિશ કરી છે કે જે કામ તેમણે કર્યા હતા તે બધા તો નહિ, પરંતુ થોડાંક કામ કરીએ તો સારું. મેં તે જ કર્યું છે.

વ્યાસજીએ અઢાર પુરાણો લખ્યા હતા. દર્શન શાસ્ત્રો પણ લખ્યા હતા. પુરાણો અને દર્શનો તો હું લખી શક્યો નહિ, પરંતુ મેં તેમનો અનુવાદ કર્યો છે. વેદોનો અનુવાદ કર્યો છે. વ્યાસજીએ જે કામ કર્યા હતા તે રસ્તા પર હું પણ ચાલ્યો છું અને અહીં જ્યારે શાંતિ કુંજમાં આવશો તો જોઈ શકશો કે તેની નિશાની અહીં પણ હયાત છે. મહર્ષિ પતંજલિએ ગુપ્ત કાશીમાં રહીને યોગાભ્યાસ કર્યો હતો. તમે જ્યારે આવશો ત્યારે જોશો કે અહીં જે કલ્પ સાધના શિબિર યોજાય છે, બીજી શિબિરો યોજાય છે અને અહીં યોગાભ્યાસના, પ્રાણાયામના વિધિ-વિધાનો શીખવવામાં આવે છે તે મેં પણ કર્યા છે અને તમને પણ શીખવીએ છીએ. જૂના જમાનાના ઋષિઓમાં યાજ્ઞવલ્ક્યનું મહત્વપૂર્ણ સ્થાન છે. તેમણે યજ્ઞ સંબંધી શોધો કરી હતી. યજ્ઞ દ્વારા મનુષ્યના શારીરિક અને માનસિક રોગોનું નિવારણ કઈ રીતે થઈ શકે અને યજ્ઞ દ્વારા કઈ રીતે પૃથ્વીનું વાતાવરણ ઠીક કરી શકાય ? આવી ઘણી વિજ્ઞાનને વાતોનું મહત્વ હતું. લોકો યજ્ઞના મહત્વપૂર્ણ વિજ્ઞાનને ભૂલી ગયા હતા. માત્ર સુગંધ ફેલાવવા માટે હવન કરી લેતા હતા. અમે તેમને ફરીથી યાજ્ઞવલ્ક્ય ઋષિની જેમ સંશોધન કરીને જીવિત કર્યા છે. લગભગ તે જ રીતે અહીં શાંતિ કુંજમાં પણ મેં કોશિશ કરી છે કે તે પરંપરા ચાલુ રહે.

વિશ્વામિત્ર ઋષિ હતા. તેઓ ગાયત્રી મંત્રના દ્રષ્ટા છે. ગાયત્રી મંત્ર આપણે બોલીએ છીએ તેના દેવતા સવિતા છે અને ઋષિ વિશ્વામિત્ર છે. ગાયત્રી છંદ છે. વિશ્વામિત્ર તેના નિષ્ણાત હતા. વિશ્વામિત્રનું પણ સ્થાન નહીં બનાવ્યું છે. ગાયત્રીનું મંદિર શાંતિ કુંજમાં પણ બનાવ્યું છે. મેં પણ ગાયત્રીના પુરશ્ચરણ કર્યા છે. વિશ્વામિત્રને હું પણ ગુરુ માનું છે., મારા હિમાલય વાસી ગુરુ છે તેઓ જો વિશ્વામિત્ર હોય તો તમે આશ્ચર્યમાં ન પડશો. ભગીરથનું નામ તમે સાંભળ્યું હશે. તેમણે હિમાલય પર તપ કર્યું અને તપ કરીને જ્ઞાન ગંગાને ધરતી પર લાવ્યા હતા. ગંગા જ્યારે ધરતી પર આવવા લાગી તો તેના પ્રચંડ વેગને જોઈને ભગીરથે વિચાર્યું કે આ તો મારા કાબૂ બહારની વાત છે. ગંગાજીએ પણ કહ્યું કે જ્યારે હું નીચે જમીન પર પડીશ તો કાણું પડી જશે. તો તમે મને સ્વર્ગથી બોલાવીને કેવી રીતે ધારણ કરશો ? ત્યારે ભગીરથે શંકરજીની મદદ માગી. શંકરજીએ પોતાની જટા ફેલાવી. આમ સ્વર્ગ માંથી જ્યારે ગંગા આવી હતી ત્યારે પહેલાં શંકરજીની જટાઓમાં આવી અને પછીથી જમીન પર પડી. ભગીરથ આગળ આગળ ચાલ્યા, એટલા માટે ગંગા ભાગીરથી કહેવાઈ. આ વાતની તમને ખબર છે ને ? હાલમાં ભગીરથ તો નથી, પરંતુ તેમના તપનું સ્થાન હજુ પણ હયાત છે. ગંગોત્રીની પાસે ગૌરી કુંડ છે. તેની પાસે એક શિલા છે, જેનું નામ ભગીરથ શિલા છે. ત્યાં બેસીને ભગીરથે તપ કર્યું હતું. તે સ્થાન પર બેસીને મેં પણ એ જ રીતે એક વર્ષનું અનુષ્ઠાન કર્યું હતું. હું પણ જ્ઞાન ગંગાને લાવ્યો છું. આ ઋષિઓની

પરંપરા છે. ઋષિ ગણ જે રસ્તા પર ચાલ્યા છે તે રસ્તા પર મેં પણ ચાલવાની કોશિશ કરી છે. ઋષિઓના કારણે હિમાલય ધન્ય થયો, નહિ તો હિમાલયમાં બીજી શી વિશેષતા છે ? તેના કરતા પણ ઊંચા ઊંચા બીજા પહાડો છે. શું સમગ્ર દુનિયામાં પહાડોની કોઈ કમી છે ? ઉત્તરાખંડમાં ચારે ધામ બન્યા છે, તેથી તે પ્રખ્યાત છે. પાંચ પ્રયાગ પણ એમાં છે. પાંચ ગુપ્ત કાશીઓ પણ છે. પાંચ સરોવરો પણ છે. સમગ્ર ભારત વર્ષના જે પણ મહત્વપૂર્ણ સ્થાનો છે, જે પણ તીર્થો છે, તે બધાં આ એક જગ્યા પર ભેગાં થઈ ગયા છે. મારા પ્રયત્નો પણ આ જ પ્રકારના રહ્યા છે.

પરશુરામજીનું નામ તમે સાંભળ્યું હશે. તેમને શંકર ભગવાને એક કુહાડો આપ્યો હતો. તેમણે કુહાડાથી લોકોના માથા કાપ્યા હતા. જેઓ ખરાબ દિમાગ વાળા હતા, દુષ્ટ બુદ્ધિ વાળા હતા, તે બધાના માથા પરશુરામે એકવીસ વાર કાપીને ફેંકી દીધા હતા. માથા કાપવાનો શો મતલબ છે ? મારા ખ્યાલથી ઋષિ માટે માથા કાપવાનું શક્ય નથી. આ કથન તો આલંકારિક જણાય છે. તેમણે લોકોના દિમાગ બદલી નાંખ્યાં હશે. હું વિચાર ક્રાંતિ દ્વારા દિમાગ બદલવાનું તેવું જ કામ કરી રહ્યો છું, જેવું પરશુરામજીએ કુહાડો લઈને કર્યું હતું. કુહાડો તો મારા હાથમાં નથી, પરંતુ કલમ અને કાગળ છે અને તેની સહાયથી હું લોકોના મગજ બદલવા માટે નિરંતર પ્રયત્નશીલ છું. પરશુરામજી યમુનાજીને પણ લાવ્યા હતા અને કુહાડો પણ લાવ્યા હતા. પરશુરામ જેવું કામ મેં પણ કર્યું છે.

લગભગ બધા ઋષિઓ ઉત્તરાખંડમાં જ રહયા છે. ઋષિઓએ આ જ પવિત્રભૂમિમાં રહીને તપશ્ચર્યા કરી કે જેથી અધ્યાત્મ શકિતઓને સારી રીતે સાચવી શકાય. એટલા માટે તેમણે આ સ્થાન પસંદ કર્યું હતું. મેં પણ એ જ સ્થાન પસંદ કર્યું છે. હિમાલયની જ્યાંથી શરૂઆત થાય છે તે સ્થાન હરિદ્વાર છે. તે સ્થાન પર હું બેઠો છું કે જેથી તમારા માટે ત્યાં આવવું મુશ્કેલ ન બને અને તમારું અને મારું મિલન થઈ શકે. ઊંચા સ્થાનો પર ચઢવું મુશ્કેલ થઈ પડે છે. જયાં બરફ વરસે છે અને ખૂબ જ ઠંડી પડે છે, જયાં ખાવા પીવાનો કોઈ સામાન નથી ત્યાં જો તમે જશો તો તમને મુશ્કેલી પડશે. એટલા માટે મેં હરિદ્વાર રહેવાનું યોગ્ય ગણ્યું. અહીંથી હિમાલય શરૂ થાય છે. અહીં ગંગામાં પહેલાં કોઈ ગંદી ચીજ નાંખવામાં નહોતી આવતી અને ન તો કોઈ ગટરો ભળતી હતી. એટલા માટે મેં હરદ્વારનું સ્થાન યોગ્ય ગણ્યું.

શું તમે ચરક ઋષિને જાણો છો ? ચરક ઋષિ પ્રાચીનકાલમાં થયા હતા. તેમણે દવાઓ, પ્રાકૃતિક ઔષધિઓના સંબંધમાં શોધખોળ કરી હતી. તેમનું સ્થાન કેદારનાથની પાસે છે, જયાં શીખોનું ગુરુ દ્વાર છે. કેદારનાથની પાસે ફૂલોની ઘાટી છે, જે તેમને ઘણી પ્રિય હતી. હવે ત્યાં તો તોડફોડને કારણે બધી જડીબુટ્ટીઓ નાશ પામી છે. ત્યાં હવે ફૂલોની ઘાટી પણ નથી, પરંતુ જો તમને કદીક ફૂલોની ઘાટી જોવાનું મન થાય તો તમે ગોમુખથી આગળ ઉપર તપોવન જજો, નંદનવન જજો. તપોવન અને નંદનવન એવા સ્થાનો છે, જયાં

દુર્લભ ફૂલોની છટા જોવા મળે છે. તેમાં બ્રહ્મ કમળ પણ હોય છે. તે તમને ત્યાં જોવા મળશે. ચરકના રસ્તે હું પણ ચાલ્યો છું. વનૌષધિઓના પ્રાચીન શ્લોકોની સાચી રીતે શોધ કરવા માટે અને તે સાચા કે ખોટા હોવાની બાબતે જાણકારી મેળવવા માટે અહીં બ્રહ્મવર્ચસ શોધસંસ્થાનની સ્થાપના કરી છે. માટે મેં નવી અને જૂની રીતથી શોધવાની કોશિશ કરી છે.

ઉત્તર કાશીમાં આરણ્યક છે. આરણ્યક કોને કહે છે ? આરણ્યક તેને કહે છે, જયાં લોકો વાનપ્રસ્થ લઈને સમાજ સેવા માટે સમર્પિત થઈ જાય છે. ગુરુકુલ નાના બાળકોનું હોય છે, વિદ્યાર્થીઓનું હોય છે. ત્યાં તો આરણ્યક જ હતું, પરંતુ અહીંયાં મે ગુરુકુલ અને આરણ્યક બંને ચલાવવાની કોશિશ કરી છે. અહીં બાળકોનું પણ ખાસ વિદ્યાલય છે. જેના જેવું વિદ્યાલય આખા હિન્દુસ્તાનમાં તમને ભાગ્યે જ જોવા મળે. પ્રચારક અને લોકસેવકો તૈયાર કરવા માટે અહીં આરણ્યક બનાવ્યું છે. ભગવાન બુદ્ધે પણ નાલંદા અને તક્ષશિલામાં પ્રચારકો અને કાર્યકર્તાઓ તૈયાર કર્યા હતા. અમારે ત્યાં પણ કાર્યકર્તાઓને સંગીતનું શિક્ષણ, ચિકિત્સાનું શિક્ષણ વગેરે બધા પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે. અહીં જમદગ્નિનો આશ્રમ છે. તમે નારદજીનું નામ તો સાંભળ્યું છે ને ? તેઓ સંગીત દ્વારા જ ભકિતનો પ્રચાર કરતા હતા અને હિન્દુસ્તાનથી માંડીને સમગ્ર વિશ્વમાં ફરતા હતા. ઇચ્છા થતી ત્યારે ભગવાનની પાસે પહોંચી જતા હતા. તેમનું નિવાસસ્થાન ક્યાં હતું ?

વિષ્ણુપ્રયાગમાં તેમણે તપ કર્યું હતું. હું તમને ત્યાં તો લઈ જઈ શકતો નથી,પરંતુ અહીં નારદજીનું સંગીત શિક્ષણનું કામ મેં કર્યું છે, કારણ કે આ જમાનામાં લોકશિક્ષણ માટે સંગીત ખૂબ જ જરૂરી છે. ગ્રામ્ય પ્રદેશો કે જયાં અભણ લોકો વિશેષ રહે છે તેમને સંગીત વિના પ્રશિક્ષિત કરવા ખૂબ જ મુશ્કેલ છે. મેં તેની પણ અહીં વ્યવસ્થા કરી છે.

વરિષ્ઠજીનું નામ તો તમે સાંભળ્યું જ હશે. તેમને રાજનીતિ અને ધર્મ બંનેને ભેળવ્યા હતા. તેઓ રાજા દશરથને ત્યાં રહેતા હતા. તેઓ ધર્મનું કામ કરતા હતા અને રાજનીતિની પણ દેખરેખ રાખતા હતા. મારી જિંદગી પણ કેટલેક અંશે આ પ્રકારની બની ગઈ છે. પોણા ચાર વર્ષ તો હું જેલમાં રહ્યો. સને ૧૯૨૦ થી લઈને ૧૯૪૨ સુધી બાવીસ વર્ષ સુધી દિવસ રાત હું રાજનીતિમાં જોડાયેલો રહ્યો અને સમાજને ઊંચે લઈ જવાનું તેમ જ અંગ્રેજોને ભગાડવાનું કામ કરતો રહ્યો. દેશની આઝાદી માટે મેં કામ કર્યું છે. વશિષ્ઠ ભગવાન પણ આ જ કામ કરતા હતા. પાછળથી તેઓ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નને પોતાની સાથે લઈ ગયા હતા. તમે પણ અહીં આવી શકો છો. શંકરાચાર્યને ક્યાં પોતાના બાળકો હતા ? રામચંદ્રજીના પિતાનું નામ થોડું વશિષ્ઠ હતું ? દશરથજી હતું. તમે પણ અમારા બાળકો છો. જે રીતે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ચારે ભાઈઓને લઈને વશિષ્ઠજી આવી ગયા હતા અને તેમણે બતાવ્યું હતું કે ધર્મ અને રાજનીતિનો

સમન્વય કેવી રીતે થઈ શકે છે, એવી રીતે હું પણ તમને ધર્મ અને રાજનીતિનો તથા વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કેવી રીતે થઈ શકે તે શીખવાનો પ્રયત્ન કરી રહ્યો છું.

આદ્યશંકરાચાર્યનું નામ તમે સાંભળ્યું છે ને, જેમણે ચારે ધામ બનાવ્યા હતા ? ચારે ધામ ક્યાં ક્યાં છે ? રામેશ્વરમ્, દ્વારિકા, બદરીનાથ અને જગન્નાથપુરી. ચારે ધામમાં તેમણે મઠ સ્થાપ્યા હતા. તેમનું પોતાનું નિવાસસ્થાન જયોતિર્મઠ હતું. જયોતિર્મઠની પાસે એક શેતૂરનું વૃક્ષ હતું. તેની નીચે તેમની ગુફા હતી. તેઓ ત્યાં રહેતા હતા. ત્યાં રહીને તેમણે પોતાના ગ્રંથ લખ્યા હતા અને ત્યાં તપ કર્યું હતું. એમણે ચારે ધામ બનાવવાની યોજનાઓ ત્યાં બનાવી હતી. માન્ધાતાને કહીને તે કામ તેમણે ત્યાંથી જ શરૂ કરાવ્યુ હતું. મેં પણ અહીં બેસીને ગાયત્રીના ચોવીસોધામ બનાવ્યા છે. તમે પિપલાદ ઋષિનું નામ સાંભળ્યું છે. તેઓ પણ અહીં હિમાલયમાં લક્ષ્મણ ઝૂલાની પાસે રહેતા હતા. પીપળાનાં ફળ ખાઈને જ તેમણે જિંદગી વિતાવી હતી., કારણ કે તેઓ જાણતા હતા, "જેવું ખાઈએ અન્ન તેવું બને મન" જો આપણે આપણા મનને સારું બનાવવાની ઇચ્છા રાખીએ તો સૌથી પહેલી શરૂઆત સારું ખાઈને કરવી જોઇએ. સારા અન્નનો મતલબ છે કે બેઈમાનીની કમાણીનું અન્ન ન હોવું જોઇએ. પોતાના પરસેવાથી કમાયેલું હોય તે ખાઈને રહેવું જોઇએ. તે સમયમાં પીપળાનાં વૃક્ષો અધિક હતા. તેના ફળ પણ ઘણા થતા હતા. તેમને તોડીને ભેગા કરી લેતા હતા એને તે ખાતા હતા. મારો આહાર પણ એવો જ રહ્યો છે. તમને ખબર

છે ને કે હું જવની રોટલી પર કેટલાય દિવસો સુધી રહ્યો છું. હજુ પણ બરાબર અનાજ ખાતો નથી.

સૂત અને શૌનક ઋષિની વાર્તાઓ પ્રસિદ્ધ છે. તેઓ ક્યાં રહેતા હતા ? હિમાલયમાં કઈ જગ્યાએ ? ઋષિકેશમાં. તેઓ ઋષિકેશમાં પુરાણોની કથાઓ કહેતા હતા. શૌનકજી પૂછતાં હતા અને સૂતજી કહેતા હતા. પુરાણા સમયના તો અઢાર પુરાણ છે. મેં નેવું પ્રજ્ઞા પુરાણ લખ્યું છે. એક થી ચાર ભાગ છપાઈ ગયા છે. તમને અઢાર પુરાણોના બદલે કદાચ આ અઢાર ભાગોના પ્રકાશનના રૂપમાં મળશે. આ બધા ઋષિઓના કાર્યોનો સમન્વયે કર્યો છે. ઋષિઓની માફક આ બધું બનાવવાની કોશિશ કરી છે. રાજા હર્ષવર્ધન હતા, જેમણે હરકી પૌડી પર બેસીને પોતાના સ્ર્વસ્વનું દાન કરી દીધું હતું. તેનાથી તક્ષશિલા વિશ્વવિદ્યાલય બનાવવામાં આવ્યું હતું. હું હર્ષવર્ધન તો નથી, પરંતુ જે કંઈ અમારી પાસે હતું તે બધું જ મેં આપી દીધું છે. હર્ષવર્ધનની જે પરપરાં સર્વમેધની હતી તે હરકીપૌડીની નજીક હતી. તે મેં શાંતિ કુંજમાં લાવીને સ્થાપિત કરી દીધી. કણાદ ઋષિ વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કરવા માટે પ્રયત્નશીલ હતા. તેમણે 'એટમ' ના સંબંધમાં, અણુના સંબંધમાં ઘણી બધી શોધ કરી હતી. આપણું બ્રહ્મવર્ચસ પણ વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વય માટે કોશિશ કરી રહ્યું છે. તમે અહીં જે કંઈ પણ જોઈ રહ્યા છો તે ઋષિ-પરંપરા છે, જેને મેં જીવિત રાખી છે.

બુદ્ધનું નામ તમે સાંભળ્યું છે ને ? ધર્મચક્ર પ્રવર્તન માટે તેમના કેટલાય શિષ્યો સમય સમય પર આવીને સાધનાઓ કરતા હતા અને ઉપાસનાઓ કરતા હતા. તેઓ ક્યાં રહેતા હતા ? બુદ્ધ ની પાસે ? ના, બુદ્ધની પાસે રહેતા ન હતા. નાલંદામાં રહેતા હતા, તક્ષશિલામાં રહેતા હતા. કેટલાક હિમાલયમાં રહેતા હતા. બુદ્ધની પરંપરાને મેં કાયમી બનાવી છે. અહીં પહેલાં બે વિશ્વવિદ્યાલયો હતા, પરંતુ હવે શાંતિ કુંજ એકલું જ પોતાની રીતે અનોખું છે. ધર્મચક્ર પ્રવર્તન માટે, પ્રજ્ઞા ચક્રને ચલાવવા માટ બુદ્ધ જેવી વિવિધ ક્રિયાઓ તમને શાંતિ કુંજમાં જ જોવા મળશે. હિમાલયની પ્રવૃત્તિઓનું એક કેન્દ્ર આ પણ છે. આર્યભટ્ટે પણ આ જ હિમાલયમાં તપ કર્યું હતું. તેમણે જ્યોતિર્વિજ્ઞાન, ગ્રહ નક્ષત્રો ફરે છે અને પૃથ્વી પર તેમની શું અસર પડે છે. આ બધી શોધો આર્યભટ્ટે હિમાલયમાં કરી હતી. તમે કદીક શાંતિ કુંજમાં આવો તો જોઈ લે જો કે તેમના જે વિવિધ કાર્યો હતા તે બધા શક્ય બનાવવાની કોશિશ કરી છે. પંચાગ પણ અહીંથી પ્રકાશિત થાય છે. એમાં નવ ગ્રહો પહેલાના અને ત્રણ જે હમણાં નવા શોધવામાં આવ્યા છે તે, એમ બાર ગ્રહોનું પંચાંગ પણ ફક્ત અહીંથી જ પ્રકાશિત થાય છે, બીજે ક્યાંયથી થતું નથી. નાગાર્જુન રસાયણશાસ્ત્રી હતા. તેમણે રસાયણની શોધ કરી હતી. અમારે ત્યાં પણ દવાઓની અને બીજા રસાયણોની શોધનો ક્રમ ચાલે છે. અમે જડીબુટ્ટીઓ દ્વારા કાયાકલપની નૂતન શોધો કરી રહ્યા છીએ.

શૃંગી ઋષિ મંત્ર વિદ્યામાં પારંગત હતા. તેઓ લોમશ ઋષિના પુત્ર હતા. તેમણે પરીક્ષિતને શ્રાપ આપ્યો હતો કે તને સાતમા દિવસે સાપ કરડશે, તો સાતમા દિવસે તેમને સાપ કરડવાથી મૃત્યુ થયું હતું. રાજા દશરથને બાળકો થતાં ન હતા, તો પુત્રેષ્ટિ યજ્ઞ કરવા માટે શૃંગી ઋષિએ યોગ્ય ગણ્યા હતા. તેઓ બ્રહ્મચારી હતા અને મંત્ર વિદ્યામાં પારંગત હતા. તેમની મંત્રવિદ્યાના કારણે જ રાજા દશરથને ત્યાં ચાર સંતાનો જન્મ્યાં હતા. એ બધું શૃંગી ઋષિની મંત્ર વિદ્યાનું ફળ હતું. તેઓ પણ હિમાલયમાં રહેતા હતા. મંત્ર વિદ્યાની બાબતમાં, ગાયત્રીની બાબતમાં હું કોશિશ કરું છું. બંને નવરાત્રિઓમાં અનુષ્ઠાન કરાવું છું. જે સાધકો આ મહત્વપૂર્ણ સમય પર આવે છે તે બધા ગાયત્રીનું અનુષ્ઠાન કરે છે. કૈલાસ પર્વત ક્યાં છે ? અહીં હિમાલયમાં છે. આ સ્વર્ગ છે. હિમાલય ફક્ત ઋષિઓની જ ભૂમિ નથી, દેવતાઓની પણ ભૂમિ છે. એને સ્વર્ગ પણ કહેવામાં આવે છે. સૌથી પહેલા સૃષ્ટિનો ઉદભવ અહીં જ થયો. ઇતિહાસ મુજબ મનુષ્યો અહીં જન્મ્યાં. મેં પણ કહ્યું છે કે સ્વર્ગ ક્યાંય આસમાનમાં નથી અને જો તે જમીન પર હશે તો તે દેવતાત્મા હિમાલયના કૈલાસ પર્વત પર હશે. નંદનવન, જે સ્વર્ગમાં હતું તે અહીં જ છે. તપોવન અને માન સરોવર પણ અહીં છે. ગૌમુખથી સહેજ આગળ જયાં મારા ગુરુદેવનો નિવાસ છે તે કૈલાસમાં જ છે. જે તિબેટમાં છે તે કૈલાસ તો ભિન્ન છે. હવે તે ચીનમાં કબજામાં છે. તેને તો અમે કેવી રીતે કહીએ કે શંકરજીને ચીન ઝૂંટવી ગયું, પરંતુ આ કૈલાસ પર્વત તેના પર છે. એટલા માટે

આ સ્વર્ગ પણ છે. હિમાલય શું છે ? સ્વર્ગ છે. સ્વર્ગારોહણ માટે જ્યારે પાંડવો ગયા હતા તો હિમાલયમાં જ ગયા હતા. બદ્રીનાથની આગળ વસો ધારા છે અને વસોધારાથી આગળ એક પહાડ છે તે જ સ્વર્ગારોહણ છે. સુમેરુ પર્વત પણ અહીં છે, જયાં બધા દેવતાઓ રહેતા હતા. આ સોનાનો પર્વત હતો. મારી પાસે તેના ફોટો ગ્રાફ પણ સાથે લાવ્યો હતો. ત્યાં પ્રાતઃકાળે અને સંધ્યા કાળે સોનેરી છાયા રહે છે. ધ્રુવે અહીં તપ કર્યું હતું. શ્રી કૃષ્ણ ભગવાન તપ કરવા માટે બદરીનાથ ગયા હતા. રુકમિણી અને કૃષ્ણ બંનેએ ત્યાં તપ કર્યું હતું. તપ કર્યા પછી તેમને ત્યાં પ્રદ્યુમ્ન જેવું સંતાન જન્મ્યું.

વાલ્મીકિ અને સીતાજીનો પ્રસંગ તો તમે સાંભળ્યો હશે. રામચંદ્રે જ્યારે સીતાજીને વનવાસ આપ્યો હતો ત્યારે તેઓ વાલ્મીકિના આશ્રમમાં રહ્યાં હતા અને ત્યાં લવ કુશ નામના એવા બે બાળકોને જન્મ આપ્યો હતો., જેઓ રામચંદ્રની સાથે, લક્ષ્મણજીની સાથે અને હનુમાનજીની સાથે ટક્કર લેવા માટે તૈયાર થઈ ગયા હતા. તમે શકુંતલાનું નામ સાંભળ્યું છે ? અને ચક્રવર્તી ભરતનું, જેમના નામ પર આ દેશનું નામ ભારત વર્ષ પડયું ? શકુંતલા કોણ હતી ? તે કણવ ઋષિની પુત્રી હતી. તેના પુત્ર ભરતનો જન્મ અને પાલન હિમાલયમાં આવેલ કોટ દ્વાર નામની જગ્યાએ થયું હતું. હિમાલયની આ સમગ્રતયા વિશેષતાઓને ભેગી કરીને મેં તેનું વિશાળ મંદિર બનાવી દીધું છે. આ બધી ચીજો ક્યાં છ તે જો તમને જોવાની ઇચ્છા હોય તો અહીં આવીને જોઈ શકો છો. મેં એક

નાનું સરખું રંગીન પુસ્તક પણ છાપ્યું છે, જેમાં આ બધા સ્થાનોને, હિમાલયના સ્થાનોને બતાવવાની કોશિશ કરી છે કે એ ક્યાં છે. હિમાલયમાં પાંચ પ્રયાગ છે, પાંચ કાશી છે, પાંચ સરોવર છે હિમાલયમાં ચાર ધામ છે. તે ચાર ધામ ક્યાં ક્યાં છે ? તે છે બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી. ચાર ધામ આ જ કહેવાય છે. આ બધા પવિત્ર સ્થાનો હિમાલયમાં બન્યા છે. તેનું મેં મંદિર પણ બનાવ્યું છે, જે તમારો હિમાલય સાથે સંબંધ જોડવાની વચલી કડી છે. ઉપર ચઢવા માટે સીડી પર પહેલો પગ જયાં મૂકવામાં આવે છે તે પહેલા પગથિયાને આપણે મુખ્ય માનીએ છીએ. તેને દેહરી કહે છે. એટલા માટે તેનું નામ હરિદ્વાર રાખવામાં આવ્યું છે. અહીંથી પહાડો પર જવાનો રસ્તો છે. પાર્વતીજીએ અહીં જ તપ કર્યું હતું. અહીં એક બિલ્વકેશ્વર મંદિર છે. ત્યાં પાર્વતીજીએ તપ કર્યું હતું અને તેની નજીકમાં જ તેમના લગ્ન થયા હતા. પૂર્વ જન્મમાં પાર્વતીનું નામ સતી હતું અને તે અહીં જ દક્ષ પ્રજાપતિ નામના સ્થાન પર જન્મી હતી અને સતી થઈ હતી. દક્ષ એક વૈજ્ઞાનિક હતા. તેમનું માથું કાપવામાં આવ્યું હતું. મહાદેવજી તેમનાથી નારાજ થયા હતા તે સ્થાન પણ અહીં જ છે. આ દેવતામાં હિમાલય ઘણો શાનદાર છે.

હું તો સમગ્ર જિંદગી માટે અહીં આવ્યો છું, મરીશ તો પણ અહીં જ મરીશ, પરંતુ તમને મારી પ્રાર્થના છે કે આવા પુનિત સ્થાન સાથે તમારે જોડાઈ રહેવું જોઇએ. મને જિંદગી દરમિયાન બેટરી ચાર્જ કરવા માટે મારા ગુરુએ ત્રણ વખત એક એક વર્ષ માટે બોલાવ્યા હતો. ગાડીની

બેટરી જ્યારે મંદ પડી જાય છે ત્યારે ફરીથી તેને ચાર્જ કરવામાં આવે છે, જેથી તે ફરીથી બરાબર કામ કરી શકે છે. એટલા માટે મને મારા ગુરુએ બોલાવ્યો હતો. હાલમાં હું અહીં છું. તમને હું આ વ્યાખ્યાન મારફત નિમંત્રણ મોકલું છું. તમને જ્યારે પણ તીર્થ યાત્રાની તક મળે ત્યારે તમે અહીં શાંતિ કુંજમાં આવવાની કોશિશ કરજો કે જયાં સમગ્ર ઋષિ પરંપરાઓ મોજૂદ છે. અહીં મેં હિમાલયની બધી વિશેષતાઓ એકત્ર કરી છે. જ્યારે તમારો જન્મદિવસ હોય, લગ્ન દિવસ હોય તો અહીં આવવાની કોશિશ કરજો અને બાળકોના સંસ્કાર કરાવવા માટે, સોળ સંસ્કાર કરાવવા હોય તો તમે નહીં આવવાની કોશિશ કરજો. બાળકોના સંસ્કાર કરાવવા માટે લોકો પવિત્ર સ્થાનની શોધ કરે છે. કોઈ દેવીના ધામમાં કોઈ મંદિરમાં લોકો સંસ્કાર કરાવે છે, તમે પણ અહીં આવી શકો છો. અહીં બદ્રીનાથની પાસે બ્રહ્મ કપાલ નામનું સ્થાન છે. ત્યાં લોકો તર્પણ કરાવે છે. તમે ઇચ્છો તો હરિદ્વારમાં પણ કરાવી શકો છો. તે સ્થાન ક્યાં છે ? કેવું છે ? તેના વિશે મારે કશું કહેવું નથી, પરંતુ અમારું જે સ્થાન છે તે ઘણું સુંદર સ્થાન છે. અહીં જે લોકો નવરાત્રિમાં આવે છે તેઓ અનુષ્ઠાન કરે છે. આ અનુષ્ઠાનની ભૂમિ છે. શિક્ષણની પણ બધી વ્યવસ્થા અહીં છે. ગુરુજી જે શીખ્યા હતા તે શીખવાની તમને ઇચ્છા હોય તો અહીં દસ અને એક મહિનાની શિબિરો પણ જોયા છે. તેમાં જોડાઈને તમે શિક્ષણ મેળવી શકો છો. ગણેશજીએ રામનામ લખીને તેની પરિક્રમા કરી લીધી હતી, તેનાથી તેમને વિશ્વની પરિક્રમા કરવાનું પુણ્ય મળી ગયું હતું. આવું જ આ નાનું સ્થાન છે, જેની પરિક્રમા કરજો. ગણેશજીને રામ નામની પરિક્રમા બદલ પહેલો નંબર મળ્યો. ઉંદર પર સવાર

થઈને તેમને માટે સમગ્ર વિશ્વની પરિક્રમા કરવાનું શક્ય ન હતું. આથી તેમણે વિવેકથી કામ લીધું અને રામ નામની પરિક્રમા કરી લીધી. આ નાનું સરખું ગાયત્રી તીર્થ છે. નાનું સરખું શાંતિ કુંજ તે બધી વિશેષતાઓથી ભરેલું છે. હું તો હવે વધું સમય સુધી રહું નહિ. સને બે હજારની સાલ સુધી તો સ્થૂળ શરીરથી રહું નહિ, પરંતુ સૂક્ષ્મ શરીરથી રહીશ. મારી પ્રેરણા અહીં યથાવત્ રહેશે અને તમને હંમેશની જેમ લાભ મળતો રહેશે. શાંતિ કુંજ ઘણી જ શાનદાર જગ્યા છે. ચોવીસ ગાયત્રીના ચોવીસ ઋષિ છે અને તે ચોવીસ ઋષિઓનો સાર અહીં છે. તે ઋષિઓ જે કરતા હતા, તેમની પરંપરાનો સાર જોવા હોય તો અહીં જોઈ શકો છો. બધા આ તીર્થોમાં એવું તીર્થ છે કે અહીં આવીને તમે જો ઉપાસના કરો તો નાગપુરના સંતરાં અને મુંબઈના કેળાની જેમ ફળદાયક હોય છે. તમે તે ફળ મેળવી શકો છો. આ શાંતિ કુંજ તીર્થ મેં તમારા બધા માટે બનાવ્યું છે. મારા ગુરુએ મને હિમાલય બોલાવ્યો અને ત્યાં રાખીને તપ કરાવ્યું. હું તમને ખેંચીને બોલાવીશ કે જેથી તમે અહીં શાંતિ કુંજમાં આવતા રહો. વર્ષમાં એકવાર આવવાની કોશિશ કરજો. અહીં આવવા જવામાં તમારા જે પૈસા ખર્ચાશે અને સમય વપરાશે, બીજી જે કંઈ ચીજો વપરાશે તે બધું સાર્થક થશે, નિરર્થક નહિ જાય. શાંતિ કુંજ આવવાથી તમને એવું નહિ લાગે કે તમે ખોટા આવ્યા અને નકામા પૈસા અને સમય ખર્ચ્યો. બસ, એથી વિશેષ તો કંઈ કહેવાનું નથી. આજની વાત સમાપ્ત... ૐ શાંતિ.